**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કોસંબા પાસે પડાવ નાંખી રહેતાં હતાં : સ્ત્રીવેશ ધારણ કરી ગુનાને અંજામ આપતાં

# અંકલેશ્વરમાં 48 કલાકમાં ત્રણ લૂંટને અંજામ આપનાર કંજર ગેંગના 4 સાગરીત સકંજામાં

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નેશનલ હાઈવે નંબર 48 પર ધામરોડ પાટિયાથી માંડવા ટોલ પ્લાઝા સુધીના વિસ્તારમાં છેલ્લાં 48 કલકમાં વાહન ચાલકોને કાઈ બહાને રોકી ખેતરમાં લઈ જઈ માર મારી લૂંટ કરવાના બનાવો બન્યાં હતાં. જેના પગલે સ્થાનિક પોલીસ તેમજ એલસીબીની ટીમ તુરંત એક્શનમાં આવી હતી. લૂંટારૂ ટોળકી કોસંબા નજીક ખુલ્લામાં પડાવ નાંખીને રહે છે તેવા ઈનપુટ એલસીબીને મળ્યાં હતાં. જેના આધારે એક ટીમે તુરંત સ્થળ પર પહોંચી 4 શકમંદોને ઝડપી પાડ્યાં હતાં. પોલીસની ઉલટ તપાસમાં તેઓ તુટી પડતાં કબુલાત કરી હતી કે, તેઓએ જ લૂંટ-ધાડની વારદાતોને અંજામ આપ્યો છે. તેઓ પાંચ વ્યક્તિઓ રિક્ષામાં પાનોલી ખાતે હાઈવે પર પહોંચ્યાં હતાં. જ્યાં તેમણે એક ટેમ્પો ચાલક તેમજ બાઈક ચાલકને ખેતરમાં ખેંચી લઈ જઈ લૂંટ કરી હતી. 10 દિવસ પહેલાં રાજસ્થાનના ચિત્તોડગઢથી ટ્રેનમાં ભરૂચ આવ્યાં બાદ તેઓ માંડવા નજીક એક હોટલ પાસે તેમજ પાનોલી પાસે બે લૂંટને અંજામ આપ્યો હતો. ઉપરાંત કોસંબામાં પણ એક લૂંટ કરી હતી. પોલીસના હાથે સપડાયેલાં આરોપીઓ મૂળ રાજસ્થાનના કંજર ગેંગના હોવાનું તેમજ તેમના નામ પપ્પુ કાલુ શરૂ કંજર, સતુ રત્ન મસીરીયા કંજર, હીરૂ સનું સેતાનિયાં કંજર , પ્રકાશ છોટુ રોરુ કંજર હોવાનું માલુમ પડ્યું હતું. ઉપરાંત મુખ્ય સૂત્રધાર એવા રામલાલ રાજેશ શેતાનિયા કંજર ને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતાં.આરોપીઓ સ્ત્રીવેશ ધારણ કરી લૂંટ ચલાવતાં હતાં.

### હાઇવેની શિતલ હોટલના સંકુલમાં પાર્ક હતી

# નબીપુર પાસે 1.77 લાખનો દારૂ ભરેલી પિકઅપ ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દાદરા નગર હવેલીના કલમાની પાડા ખાતે રહેતાં જયદેવ લક્ષી કડુએ તેના ડ્રાઈવર ફૈઝલ અલી અબ્દુલ્લા શેખ મારફતે પીકઅપ ગાડીમાં વિદેશીદારૂ ભરી વડોદરાના કોઈ બુટલેગર માટે મોકલાવ્યો છે. જે હાઈવેની કોઈ હોટલ પર રોકાઈ હોવાનું જણાતાં એએસઆઈ દિનેશ રાજપૂત તેમજ અન્ય ટીમના સભ્યોએ હોટલોના કંપાઉન્ડમાં તપાસ કરતાં શિતલ હોટલના પાર્કિંગમાં પિકઅપ મળી આવી હતી. જોકે, ડ્રાઈવર મળ્યો ન હતો. ટીમે પિકઅપમાં તપાસ કરતાં તેમાં પાછળના ભાગે ડ્રાઈવર કેબીનને અડીને ચોરખાનું બનાવ્યું હોવાનું માલુમ પડ્યું હતું. જે ખોલી જોતાં તેમાંથી વિદેશીદારનો કુલ 1.77 લાખની મત્તાનો વિદેશી દારૂ મળ્યો હતો.

# ઝંઘાર ગામે જુગાર રમતાં 6 ઝડપાયાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઝંઘાર ગામના રોડ પર ખેતરમાં કેટલાંક શખ્સો જુગાર રમે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં મકસુદ યાકુબ પટેલ, સોએબ આરીફ પટેલ, મયુદ્દીન ઈબ્રાહિમ સારોદિયા, ઈમરાન નુરમહંમદ દિલીપ મુનવ્વર ઉર્ફે ઉસ્માન અબ્બાસ દિવાન તેમજ ઈરફાન ગુલામ માઘાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા 11 હજાર, 3 મોબાઈલ સહિત 14 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### જીએમડીસી નજીક પોલીસનું વાહન ચેકિંગ

# રાજપારડીમાં તાડપત્રી વિના વહન કરતી 3 ટ્રક જપ્ત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીક પોલીસે તાડપત્રી નહિ ઢાંકેલ ત્રણ ટ્રકોના ચાલકો વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

રેતી ખડી સિલિકા જેવી ખનીજોનું વહન કરતા વાહનો પર તાડપત્રી ઢાંકવાની હોય છે. જેથી પાછળ આવતા વાહન ચાલકોએ તકલીફ ભોગવવી ના પડે. ઝઘડિયા તાલુકામાં ખનીજ વહન કરતા વાહનો પૈકી કેટલાક વાહનોના ચાલકો આ નિયમનું ઉલ્લંઘન કરતા હોય છે. ગતરોજ રાજપારડી પોલીસ જીએમડીસી ફાટક નજીક વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન સિલિકા અને ખડી ભરેલ 3 ટ્રકો પર તાડપત્રી નહિ ઢાંકેલ હોવાનું જણાતા પોલીસે આ ત્રણ ટ્રકોને અટકાવી હતી.ત્રણ ટ્રકોના ચાલકો વિષ્ણુ વસાવા, હરીસિંગ વસાવા અને રઝાક મન્સુરી વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### પોલીસે રાત્રે સવા ત્રણ વાગ્યે દરોડો પાડ્યો

# મનુબર ગામે ગાયની હત્યા કરનારા 3 શખ્સોની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં મનુબર ગામની સીમમાં અહમદ મુગટની વાડીમાં ત્રણ શખ્સો ગાયની કતલ કરી રહ્યાં હોવાની ચોક્કસ બાતમી તાલુકા પોલીસને મળી હતી. જેના પગલે ટીમે રાત્રીના સવા ત્રણ વાગ્યે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

જ્યાં લાઇટના ગોળાના અજવાળે ત્રણ શખ્સો ગૌહત્યા કરી રહ્યાં હોવાનું જણાતાં ટીમે ત્રણેયને ઝડપી પાડી તપાસ કરતાં તેમના નામ તબરીજ મુબારક મુગટ, જફવાન નુરમહોમદ પટેલ તેમજ નિલેશ કિરણ વસાવા હોવાનું તેમજ ત્રણેય મનુબર ગામના જ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે સ્થળ પર તપાસ કરતાં તેઓએ એક ગાયની કતલ કરી તેના માંસના ટુકડાં કરેલાં જણાયાં હતાં. ટીમે તેમની સાથે પશુચિકિત્સક ભિતેષ એસ. ભાટીયાને સાથે લઇ ગયાં હોઇ તેમણે સ્થળ પરના અવશેષોના આધારે કતલ કરાયેલાં પશુના અવશેષ ગાયના જ હોવાનું સ્પષ્ટ થયું હતું. ટીમે સ્થળ પરથી કુલ 370 કિલો ગૌમાંસ, તેમજ તેના અવશેષો, ચપ્પાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ જંબુસર ધોરીમાર્ગ ઉપર સર્જાયેલો અકસ્માત

# ઈજાગ્રસ્ત યુવાનને વહારે જતાં કાવીનાં મહિલા પોલીસ અધિકારી

## એમ્બ્યુલન્સ મારફ્તે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલ્યો

। જંબુસર ।

જંબુસર તાલુકાના કાવી પોલીસ મથકના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરે ધોરીમાર્ગ પર ઈજાગ્રસ્ત યુવાનની મદદે જઈ તાકીદે સારવાર માટે આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી ને સરાહનીય કામગીરી કરી હતી.

જંબુસર તાલુકાના કાવી પોલીસ મથક ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીર સરકારી ગાડીમા નાહીયેર ગામ તરફ જઈ રહયા હતા. ત્યારે તેઓ આમોદ- નાહીયેર વચ્ચે પસાર થઈ રહયા હતા. ત્યારે



બાઈક સ્લીપ થઈ જતા એક યુવાન ઈજાગ્રસ્ત હાલતમા રસ્તા ઉપર પડેલો જોવા મળતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરે પોતાની ગાડી રોકીને ઈજાગ્રસ્ત યુવાન પાસે દોડી ગયા હતા.

અને તેની પુછપરછ કરી તેને પ્રાથમિક સારવાર આપી સાંત્વના આપી હતી. આ ઈજાગ્રસ્ત યુવાને પોતે આમોદ તાલુકાના અનોર ગામનો સુરેશભાઈ રઈજી ભાઈ પઢીયાર હોવાનું તથા બાઈક સ્લીપ થઈ જતા પડી જવાથી ઈજાઓ પહોંચી હોવાનુ જણાવ્યું હતુ. જેથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવેલી એમ્બ્યુલન્સ મારફ્તે ઈજાગ્રસ્ત યુવાનને વધુ સારવાર માટે આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રવાના કર્યો હતો.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# અંકલેશ્વરમાં ખેતી વીજ જોડાણના ટ્રાન્સફોર્મર ચોરી કરતી ટોળકી ઝડપાઈ, 4ની ધરપકડ

**પોલીસે** 27 ગુનાઓમાં સંડોવાયેલા ચારને ઝડપી પાડી અન્ય ફરાર ત્રણની શોધખોળ આદરી



ભરૂચઃ અંકલેશ્વર એ' ડિવિઝન પોલીસ સ્ટાફના માણસો નાઈટ પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન બાતમી મળી હતી કે, એક સિલ્વર કલરની મહિન્દ્રા TUV કારમાં ૪ ઈસમો જુનાદીવા ગામની સીમમાં ટ્રાન્સફોર્મર તોડીને તેમાંથી કોપર કોઈલની ચોરી કરીને કોપર કોઈલનો જથ્થો લઈને જુનાદીવાથી અંકલેશ્વર તરફ જવા માટે નીકળ્યા છે. પોલીસે બાતમીના આધારે અંકલેશ્વરના ભરૂચીનાકા પાસે વોચ ગોઠવી TUV કાર આવતા તેને કોર્ડન કરી લીધી હતી. કારમાં જીતેન્દ્રસિંગ ડરર્શાસંગ રાવત, જીવરાજસિંગ જગદીશસિંગ રાવત, મેનેજરસિંગ સીતારામસિંગ રાવત અને કરણસિંગ ડુપસિંગ રાવત નામના શખ્સો સવાર હતા.

પોલીસને કારમાં પાછળની ડીકીમાંથી ૨ મીણિયા કોથળામાં કોપર કોઈલના ગુંચળા મળી આવ્યા હતા. આ કોપર કોઈલના ગુંચળા બાબતે પુછપરછ કરતા કોઈ સંતોષ કારક જવાબ નહીં મળતા પોલીસે ચારેય શખ્સોને યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા ટ્રાન્સફોર્મર તોડી ચોરી કર્યાની કબૂલાત કરી હતી, ત્યારે હાલ તો અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસે ચારેય શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે શીતલ ઉર્ફે રમેશ રૂપલાલ ગુર્જર, સુરેશસિંગ અને ગોવર્ધન રાવત નામના ૩ ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેઓની શોધખોળ સહિત ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસની તપાસમાં ટોળકી દ્વારા આચરાયેલા બે કરતા વધુ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસ સમક્ષ કુલ ૨૭ ગુનાઓનો ક્રિમીનલ ઈતિહાસ બહાર આવ્યો છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછના આધારે ફરાર આરોપીઓના લોકેશન તેમજ ચોરીના મુદ્દામાલની રિકવરી માટે તપાસ શરૂ કરવામાં આવી હતી.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કોસંબા પાસે પડાવ નાંખી રહેતાં હતાં : સ્ત્રીવેશ ધારણ કરી ગુનાને અંજામ આપતાં

# અંકલેશ્વરમાં 48 કલાકમાં ત્રણ લૂંટને અંજામ આપનાર કંજર ગેંગના 4 સાગરીત સકંજામાં

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નેશનલ હાઈવે નંબર 48 પર ધામરોડ પાટિયાથી માંડવા ટોલ પ્લાઝા સુધીના વિસ્તારમાં છેલ્લાં 48 કલક્માં વાહન ચાલકોને કાઈ બહાને રોકી ખેતરમાં લઇ જઈ માર મારી લૂંટ કરવાના બનાવો બન્યાં હતાં. જેના પગલે સ્થાનિક પોલીસ તેમજ એલસીબીની ટીમ તુરંત એક્શનમાં આવી હતી. લૂંટારૂ ટોળકી કોસંબા નજીક ખુલ્લામાં પડાવ નાંખીને રહે છે તેવા ઈનપુટ એલસીબીને મળ્યાં હતાં. જેના આધારે એક ટીમે તુરંત સ્થળ પર પહોંચી 4 શકમંદોને ઝડપી પાડ્યાં હતાં. પોલીસની ઉલટ તપાસમાં તેઓ તુટી પડતાં કબુલાત કરી હતી કે, તેઓએ જ લૂંટ-ધાડની વારદાતોને અંજામ આપ્યો છે. તેઓ પાંચ વ્યક્તિઓ રિક્ષામાં પાનોલી ખાતે હાઈવે પર પહોંચ્યાં હતાં. જ્યાં તેમણે એક ટેમ્પો ચાલક તેમજ બાઈક ચાલકને ખેતરમાં ખેંચી લઈ જઈ લૂંટ કરી હતી. 10 દિવસ પહેલાં રાજસ્થાનના ચિત્તોડગઢથી ટ્રેનમાં ભરૂચ આવ્યાં બાદ તેઓ માંડવા નજીક એક હોટલ પાસે તેમજ પાનોલી પાસે બે લૂંટને અંજામ આપ્યો હતો. ઉપરાંત કોસંબામાં પણ એક લૂંટ કરી હતી. પોલીસના હાથે સપડાયેલાં આરોપીઓ મૂળ રાજસ્થાનના કંજર ગેંગના હોવાનું તેમજ તેમના નામ પપ્પુ કાલુ શરૂ કંજર, સતુ રત્ન મસીરીયા કંજર, હીરૂ સનું સેતાનિયાં કંજર , પ્રકાશ છોટુ રોરુ કંજર હોવાનું માલુમ પડ્યું હતું. ઉપરાંત મુખ્ય સૂત્રધાર એવા રામલાલ રાજેશ શેતાનિયા કંજર ને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતાં.આરોપીઓ સ્ત્રીવેશ ધારણ કરી લૂંટ ચલાવતાં હતાં.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## હાઇવેની શિતલ હોટલના સંકુલમાં પાર્ક હતી

# નબીપુર પાસે 1.77 લાખનો દારૂ ભરેલી પિકઅપ ઝડપાઇ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દાદરા નગર હવેલીના કલમાની પાડા ખાતે રહેતાં જયદેવ લક્ષી કડુએ તેના ડ્રાઇવર ફૈઝલ અલી અબ્દુલ્લા શેખ મારફતે પીકઅપ ગાડીમાં વિદેશીદારૂ ભરી વડોદરાના કોઇ બુટલેગર માટે મોકલાવ્યો છે. જે હાઇવેની કોઇ હોટલ પર રોકાઇ હોવાનું જણાતાં એએસઆઇ દિનેશ રાજપૂત તેમજ અન્ય ટીમના સભ્યોએ હોટલોના કંપાઉન્ડમાં તપાસ કરતાં શિતલ હોટલના પાર્કિંગમાં પિકઅપ મળી આવી હતી. જોકે, ડ્રાઇવર મળ્યો ન હતો. ટીમે પિકઅપમાં તપાસ કરતાં તેમાં પાછળના ભાગે ડ્રાઇવર કેબીનને અડીને ચોરખાનું બનાવ્યું હોવાનું માલુમ પડ્યું હતું. જે ખોલી જોતાં તેમાંથી વિદેશીદારનો કુલ 1.77 લાખની મત્તાનો વિદેશી દારૂ મળ્યો હતો.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝંઘાર ગામે જુગાર રમતાં 6 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઝંઘાર ગામના રોડ પર ખેતરમાં કેટલાંક શખ્સો જુગાર રમે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જુગાર રમતાં મકસુદ યાકુબ પટેલ, સોએબ આરીફ પટેલ, મયુદ્દીન ઈબ્રાહિમ સારોદિયા, ઈમરાન નુરમહંમદ દિલીપ મુનવ્વર ઉર્ફે ઉસ્માન અબ્બાસ દિવાન તેમજ ઈરફાન ગુલામ માઘાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા 11 હજાર, 3 મોબાઈલ સહિત 14 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## જીએમડીસી નજીક પોલીસનું વાહન ચેકિંગ

# રાજપારડીમાં તાડપત્રી વિના વહન કરતી 3 ટ્રક જપ્ત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીક પોલીસે તાડપત્રી નહિ ઢાંકેલ ત્રણ ટ્રકોના ચાલકો વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

રેતી ખડી સિલિકા જેવી ખનીજોનું વહન કરતા વાહનો પર તાડપત્રી ઢાંકવાની હોય છે. જેથી પાછળ આવતા વાહન ચાલકોએ તકલીફ ભોગવવી ના પડે. ઝઘડિયા તાલુકામાં ખનીજ વહન કરતા વાહનો પૈકી કેટલાક વાહનોના ચાલકો આ નિયમનું ઉલ્લંઘન કરતા હોય છે. ગતરોજ રાજપારડી પોલીસ જીએમડીસી ફાટક નજીક વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન સિલિકા અને ખડી ભરેલ 3 ટ્રકો પર તાડપત્રી નહિ ઢાંકેલ હોવાનું જણાતા પોલીસે આ ત્રણ ટ્રકોને અટકાવી હતી.ત્રણ ટ્રકોના ચાલકો વિષ્ણુ વસાવા, હરીસિંગ વસાવા અને રઝાક મન્સુરી વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે રાત્રે સવા ત્રણ વાગ્યે દરોડો પાડ્યો

# મનુબર ગામે ગાયની હત્યા કરનારા 3 શખ્સોની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં મનુબર ગામની સીમમાં અહમદ મુગટની વાડીમાં ત્રણ શખ્સો ગાયની કતલ કરી રહ્યાં હોવાની ચોક્કસ બાતમી તાલુકા પોલીસને મળી હતી. જેના પગલે ટીમે રાત્રીના સવા ત્રણ વાગ્યે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

જ્યાં લાઇટના ગોળાના અજવાળે ત્રણ શખ્સો ગૌહત્યા કરી રહ્યાં હોવાનું જણાતાં ટીમે ત્રણેયને ઝડપી પાડી તપાસ કરતાં તેમના નામ તબરીજ મુબારક મુગટ, જફવાન નુરમહોમદ પટેલ તેમજ નિલેશ કિરણ વસાવા હોવાનું તેમજ ત્રણેય મનુબર ગામના જ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે સ્થળ પર તપાસ કરતાં તેઓએ એક ગાયની કતલ કરી તેના માંસના ટુકડાં કરેલાં જણાયાં હતાં. ટીમે તેમની સાથે પશુચિકિત્સક મિતેષ એસ. ભાટીયાને સાથે લઇ ગયાં હોઇ તેમણે સ્થળ પરના અવશેષોના આધારે કતલ કરાયેલાં પશુના અવશેષ ગાયના જ હોવાનું સ્પષ્ટ થયું હતું. ટીમે સ્થળ પરથી કુલ 370 કિલો ગૌમાંસ, તેમજ તેના અવશેષો, ચપ્પાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ જંબુસર ધોરીમાર્ગ ઉપર સર્જાયેલો અકસ્માત

# ઈજાગ્રસ્ત યુવાનને વહારે જતાં કાવીનાં મહિલા પોલીસ અધિકારી

## એમ્બ્યુલન્સ મારફ્તે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલ્યો

। જંબુસર ।

જંબુસર તાલુકાના કાવી પોલીસ મથકના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરે ધોરીમાર્ગ પર ઈજાગ્રસ્ત યુવાનની મદદે જઈ તાકીદે સારવાર માટે આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી ને સરાહનીય કામગીરી કરી હતી.

જંબુસર તાલુકાના કાવી પોલીસ મથક ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીર સરકારી ગાડીમા નાહીયેર ગામ તરફ જઈ રહયા હતા. ત્યારે તેઓ આમોદ- નાહીયેર વચ્ચે પસાર થઈ રહયા હતા. ત્યારે



બાઈક સ્લીપ થઈ જતા એક યુવાન ઈજાગ્રસ્ત હાલતમા રસ્તા ઉપર પડેલો જોવા મળતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરે પોતાની ગાડી રોકીને ઈજાગ્રસ્ત યુવાન પાસે દોડી ગયા હતા.

અને તેની પુછપરછ કરી તેને પ્રાથમિક સારવાર આપી સાંત્વના આપી હતી. આ ઈજાગ્રસ્ત યુવાને પોતે આમોદ તાલુકાના અનોર ગામનો સુરેશભાઈ રઈજી ભાઈ પઢીયાર હોવાનું તથા બાઈક સ્લીપ થઈ જતા પડી જવાથી ઈજાઓ પહોંચી હોવાનુ જણાવ્યું હતુ. જેથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવેલી એમ્બ્યુલન્સ મારફ્તે ઈજાગ્રસ્ત યુવાનને વધુ સારવાર માટે આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રવાના કર્યો હતો.

**DATE: 20/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# અંકલેશ્વરમાં ખેતી વીજ જોડાણના ટ્રાન્સફોર્મર ચોરી કરતી ટોળકી ઝડપાઈ, 4ની ધરપકડ

**પોલીસે** 27 ગુનાઓમાં સંડોવાયેલા ચારને ઝડપી પાડી અન્ય ફરાર ત્રણની શોધખોળ આદરી



ભરૂચઃ અંકલેશ્વર એ' ડિવિઝન પોલીસ સ્ટાફના માણસો નાઈટ પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન બાતમી મળી હતી કે, એક સિલ્વર કલરની મહિન્દ્રા TUV કારમાં ૪ ઈસમો જુનાદીવા ગામની સીમમાં ટ્રાન્સફોર્મર તોડીને તેમાંથી કોપર કોઈલની ચોરી કરીને કોપર કોઈલનો જથ્થો લઈને જુનાદીવાથી અંકલેશ્વર તરફ જવા માટે નીકળ્યા છે. પોલીસે બાતમીના આધારે અંકલેશ્વરના ભરૂચીનાકા પાસે વોચ ગોઠવી TUV કાર આવતા તેને કોર્ડન કરી લીધી હતી. કારમાં જીતેન્દ્રસિંગ ડરર્ણાસંગ રાવત, જીવરાજસિંગ જગદીશસિંગ રાવત, મેનેજરસિંગ સીતારામસિંગ રાવત અને કરણસિંગ ડુપસિંગ રાવત નામના શખ્સો સવાર હતા.

પોલીસને કારમાં પાછળની ડીકીમાંથી ૨ મીણિયા કોથળામાં કોપર કોઈલના ગુંચળા મળી આવ્યા હતા. આ કોપર કોઈલના ગુંચળા બાબતે પુછપરછ કરતા કોઈ સંતોષ કારક જવાબ નહીં મળતા પોલીસે ચારેય શખ્સોને યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા ટ્રાન્સફોર્મર તોડી ચોરી કર્યાની કબૂલાત કરી હતી, ત્યારે હાલ તો અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસે ચારેય શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે શીતલ ઉર્ફે રમેશ રૂપલાલ ગુર્જર, સુરેશસિંગ અને ગોવર્ધન રાવત નામના ૩ ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેઓની શોધખોળ સહિત ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસની તપાસમાં ટોળકી દ્વારા આચરાયેલા બે કરતા વધુ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસ સમક્ષ કુલ ૨૭ ગુનાઓનો ક્રિમીનલ ઈતિહાસ બહાર આવ્યો છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછના આધારે ફરાર આરોપીઓના લોકેશન તેમજ ચોરીના મુદ્દામાલની રિકવરી માટે તપાસ શરૂ કરવામાં આવી હતી.

**DATE: 23/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

## અંકલેશ્વરના અડોલ ગામે ટેમ્પોમાં વહન થતાં

# શંકાસ્પદ લોખંડના ભંગારના જથ્થા સાથે ચાલકની અટકાયત

અંકલેશ્વર તા.૨૨

અંકલેશ્વર રૂરલ પોલીસે થ્રી વ્હીલ ટેમ્પોમાં વહન થતા શંકાસ્પદ લોખંડના ભંગારના જથ્થા સાથે ટેમ્પો ચાલકને અંદાજે રૂ.૪૪,૮૦૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી.

અંકલેશ્વર રૂરલ પોલીસ સજોદ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે એક થ્રી વ્હીલ ટેમ્પોમા એક ઇસમ શંકાસ્પદ લોખંડના સળીયા તથા પરચુરણ સામાન ભરી અડોલ નવીનગરી થી સુરવાડી અંકલેશ્વર ભંગારની દુકાને લઇ જનાર છે.જેવી બાતમીના આધારે અડોલ ગામ પાસે વોચમા હતી.

તે દરમ્યાન અડોલ ગામમાંથી થ્રી વ્હીલ ટેમ્પો આવતા તેનો પીછો કરી અડોલ નવીનગરી પાસે ઉભી રખાવી થ્રી વ્હીલ ટેમ્પોમાં તપાસ કરતા લોખંડના સળીયા તથા પરચુરણ સામાન મળી આવ્યો હતો.

જે અંગે પુછપરછ કરતા તે કોઈ સંતોષકારક જવાબ કે દસ્તાવેજ ન આપતા પોલીસે તેની અટકાયત કરી હતી.પોલીસે ટેમ્પો ચાલક મનોજ રમાકાંત પ્રજાપતિની અટકાયત કરી કુલ લોખંડના સળીયા તથા નાના મોટા ટુકડા તથા જી.ઇ.બીના ૨૦-૨૫ ફુટ એલ્યુમીનીયમનો કેબલ મળી કુલ ભંગારનું વજન ૭૧૦ કિલો રૂ.૬૩૦૦ તેમજ એક મોબાઈલ અને ટેમ્પો મળી કુલ રૂ.૪૪,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી અટક કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચૌટાનાકાથી ગડખોલ બ્રિજ સુધી ટ્રાફિક

# ટ્રાફિક ઝૂંબેશમાં બે દિવસમાં 200થી વાહનો સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

છેલ્લા ત્રણ દિવસ થી અંકલેશ્વર શહેર ના મુખ્ય માર્ગ પર જાહેરમાં રોડ પર અડચણ રૂપ પાર્ક થતા વાહન સામે કાર્યવાહી ચાલુ રાખી છે. છેલ્લા 2 દિવસમાં 200 થી વધુ વાહન ચાલકો સામે કાર્યવાહી કર્યા બાદ ત્રીજા દિવસે પણ કાર્યવાહી ચાલુ રાખી હતી. રેલ્વે સ્ટેશન, ત્રણ રસ્તા સર્કલ થી એશિયાડ નગર વિસ્તાર સુધી માં જાહેર માર્ગ પર પાર્ક કરેલા વાહનો ને લોક કરી તેના પર સ્ટીકર લગાવી દંડની વસુલાત કરી હતી.અત્રેઉલેખનીય છે કે ચૌટા નાકાથી ગડખોલ બ્રિજ માર્ગ પર પણ અનેક સ્થળે રોડ પર અડચણ રૂપ વાહન પાર્ક થતા હોય છે. તેમજ લારી નીરેકડીઓ જોવા મળી રહી છે ત્યાં કાર્યવાહી કરવામાં આવે એજરૂરી છે. તેમજ રીક્ષા સ્ટેન્ડ આગળ પાર્ક થતી નિયત માત્રા કરતાં વધુ રીક્ષાતેમજ જાહેર માર્ગ પર અચાનક ઉભી રાખતા રીક્ષા ચાલક સામે પણ પગલાં લેવાની માગ ઉઠી છે.

**DATE: 23/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# કાવીમાં પોક્સોના ગુનામાં એક મહિનાથી ફરાર આરોપી જૂનાગઢથી ઝડપાયો

ભરૂચઃ કાવી પોલીસે પોક્સોના ગુનામાં છેલ્લા એક મહિનાથી વોન્ટેડ આરોપીને જૂનાગઢના વંથલીમાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે સગીરાને મુક્ત કરાવી તેના પરિવારને સોંપી દીધી હતી.

કાવીના એક વિસ્તારમાં રહેતા આરોપી કુલદીપ ભીમસીંગભાઈ રાઠોડે એક સગીરાને તેની પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો હતો. આ મામલે સગીરાના પરિવારજનોએ કાવી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી કુલદીપ રાઠોડનું મોબાઈલ નંબરનું લોકેશન જૂનાગઢ ખાતે શોધી કાઢ્યું હતું.

બાદ પીએસઆઈ વી.એ.આહિરે ખાનગી રાહે માહિતી મેળવી તાત્કાલિક એક ટીમ બનાવી જૂનાગઢના વંથલી મોકલી આપી હતી. પોલીસે લોકેશન પરથી આરોપી કુલદીપ રાઠોડને ઝડપી પાડી સગીરને મુક્ત કરાવી તેના પરિવારજનોને સોંપી હતી. પોલીસે તેના વિરુદ્ધ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

### રૂા. ૩.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત

# અંદાડામાંથી ગાંજાની ખેતી કરતો એક આરોપી ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ એસઓજીએ ગાંજાના છોડનું વાવેતર કરનાર આરોપીને લીલા-સુકા ગાંજાના ૫૨ છોડ સાથે ઝડપી પાડ્યો છે. ભરૂચ પોલીસે ૩૯.૬૫૦ કિલો ગાંજો રિકવર કરી રૂા. ૩.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કરી એક શખશની ધરપકડ કરી છે.

ભરૂચ જીલ્લામાં યુવાધન નશાના રવાડેના ચડે તથા નશાયુકત પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા તથા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂધ્ધ કેસો કરવા પોલીસ મહાનિરીક્ષકે સૂચના આપી હતી. જે સુચના આધારે પો.ઈ. એ.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. સ્ટાફની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

એસ.ઓ.જી.ટીમ દ્વારા જીલ્લામાં પેટ્રોલીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન એ.એસ.આઈ.ગુલામ મહંમદ સરદારખાનને મળેલી ચોક્કસ બાતમી આધારે અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામે રેઈડ કરતા ધનાભાઈ જેરામભાઈ આહીરના ખેતરમાં વનસ્પિતજન્ય લીલા-સુકા ગાંજાના ૫૨ છોડ મળી આવ્યા હતા. જેનું વજન ૩૯.૬૫૦ કિ.ગ્રા. હતું. આ મુદ્દામાલ કબજે કરી આરોપી ધનાભાઈ જેરામભાઈ આહીર વિરૂધ્ધ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

**આરોપીના ખેતરમાંથી ગાંજાના છોડ મળ્યા**

**DATE: 23/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરની ચોરીમાં વધુ એક આરોપી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જી આઈ ડી સીમાંઆવેલ મુન્દ્રા ડેનિમ કંપનીમાં થયેલા2.79 લાખ ની ચોરીમાં સંડોવાયેલ ભંગારીયા અને એક ચોર ને ઝડપી પાડ્યો હતો. ચોરીમાં અમિત, મિથિલેશ અને મુરઘ, નામ ના વધુ ત્રણ ચોર વોન્ટેડ હતા. ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડે બાતમીના આધારે મિથિલેશ બિરેન્દ્ર યાદવને તેના લક્ષ્માણ નગર સ્થિત ઘરે ઝડપી પાડ્યો હતો.

**DATE: 24/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભંગારની ચોરીમાં સંડોવાયેલો વોન્ટેડ આરોપી લક્ષ્મણ નગર ખાતેથી ઝડપાયો

અંકલેશ્વર, તા. ૨૩

ભરૂચ પેરોલ ફ્લો સ્કવોર્ડની ટીમે ભંગાર ચોરીના ગુનામાં સંડોવાયેલા તેમજ નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને સોંપી દીધો હતો.

## ચોરીનો રૂ.૨.૭૯ લાખનો માલસામાન પકડાયો

ભરૂચ પેરોલ ફલી સ્કવોર્ડની ટીમ અંક્લેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી.તે દરમ્યાન બાતમીના આધારે અંક્લેશ્વર જીઆઈડીસી પોલીસ મથકમાં અગાઉ નોંધાયેલા સારંગપુર પોલીસ ચોકીની હદમાંથી લોખંડ સહિત કોપરના ભંગારની ચોરીમાં સંડોવાયેલ એક આરોપી મીથીલેશ બિરેન્દ્ર યાદવ આ ગુનામાં પોલીસ પકડથી દૂર હોય અને નાસતો ફરતો છે.તે પોતાના લક્ષ્મણ નગર સ્થિત નિવાસ સ્થાને મોજુદ છે.તેવી બાતમીના આધારે સ્થળ ઉપર પહોંચી જઈ તેની અટકાયત કરી હતી. તેની પૂછપરછમાં જણાવ્યું હતુ કે એકાદ મહિના પહેલા તેના મિત્ર અમિતના મામા રોશનસિંગની ભંગારની દુકાનમાં મુદ્રા ડેનીમ પ્રા.લી. કંપનીમાં થયેલી ચોરીની મોટર નંગ-૨૭ કુલ રૂ. ૧,૮૯,૦૦૦ તથા લોખંડની મોટર નંગ-૮ જેની કુલ રૂ. ૨૪,૦૦૦ તથા કોપર વાયર આશરે ૭૫ કિલો જેની રૂ. ૬૦,૦૦૦ , છોલેલા કેબલ વાયર તથા બાળેલા કેબલ વાયર આશરે ૧૩૦ કિલો જેની રૂ. ૩,૯૦૦ નો મળી કુલ રૂ. ૨,૭૯,૯૦૦ રાખેલો હતો.જે ચોરીનો માલસામાન પોલીસમાં પકડાય ગયો હતો.જે ગુનામાં તેનું નામ આવ્યુ હોય પોતે પોલીસ ધરપકડથી નાસતો-ફરતો હતો.

**DATE: 24/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### રૂા. ૧.૩૬ લાખનો મુદામાલ જપ્ત કર્યા

# ભાદી ગામના કતલખાનામાં રેડ પાડી છ ગાયોને બચાવાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર ભાદી ગામના રહેમતનગર ખાતેથી પાનોલી પોલીસે બાતમીના આધારે કતલખાનું ઝડપી પાડી ૩ ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ગામમાં કતલખાનું ચલાવતા ૩ ઈસમોની અટકાયત કરી હતી તથા આ કતલખાનામાંથી ૩૨૦ કિલો ગૌવંશના જથ્થા સહિત રૂ. ૧.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ભાદી ગામના રહેમતનગરમાં ગેરકાયદેસર કતલખાનું ચાલતું હોવાની પાનોલી પોલીસને બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસે બાતમીવાળા સ્થળે દરોડા પડ્યા હતા.

જ્યાં જઈને તપાસ કરતાં ત્યાં આવેલા એક કતલખાનામાં કામ કરતાં ૩ ઈસમોની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે કતલખાનામાં કામ કરતા ત્રણ ઈ ફરાર થઈ જતાં તેઓની અટકાયતના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસે દરોડા દરમિયાન કતલના ઈરાદે ક્રુરતાપૂર્વક બાંધી રખાયેલ ૬ ગાય અને ૪ વાછરડાને પણ છોડાવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી ૩૨૦ કિલો ગૌવંશનો જથ્થો તેમજ કતલ કરવાના સાધનો સહિત પશુ મળી રૂ. ૧.૩૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે. પોતાના આર્થિક ફાયદા માટે ગૌમાસનું વેચાણ કરનાર તેમજ ગાયો આપી જનાર મળી ૭ લોકો વિરુદ્ધ પશુધારાની સંલગ્ન કલમો હેઠળ પાનોલી પોલીસે ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ, જપ્ત કરાયેલ માસના જથ્થાને સુરત FSL કચેરી ખાતે પરીક્ષણ અર્થે મોકલી પાનોલી પોલીસે તપાસને આગળ ધપાવી છે.

**સાત લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો**

**DATE: 24/05/2024 CATEGORY: GREEN**

E-PAPER DIVYABHASKAR PAGE-04

# ભંગાર ચોરોનું વધતું નેટવર્ક ચિંતાજનક

# અંકલેશ્વરમાં ત્રીજા દિવસે પણ 2 હજાર કિલો ભંગારનો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ એસઓજીએ ગડખોલના જનતા નગર વિસ્તારમાં ચોક્કસ માહિતી આધારે ભંગાર ભરી જતા ભંગારીયા ચંદ્રશેખર વર્માને ઝડપી પાડ્યો હતો. તેની પીક્અપ ગાડીમાં રહેલા ભંગાર ના જથ્થા અંગે પોલીસે જરૂરી આધાર પુરાવા માંગતા તે ગલ્લા -તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે શંકા આધારે 2,290 કિલો લોખંડ ભંગાર તેમજ પીક્અપ ગાડી મળી કુલ 5.68 નો મુદ્દામાલ જપ્ત કરી કર્યો હતો. અંકલેશ્વરમાંથી સતત ત્રીજા દિવસે ભંગાર ભરેલો ટેમ્પો ઝડપાયો છે. ભંગારીયાઓ ભંગાર કોની પાસેથી લાવે છે અને તેના ખરીદદારો કોણ છે તે દિશામાં ધનિષ્ઠ તપાસ કરવામાં આવે તો અનેક મોટા માથાઓની સંડોવણી બહાર આવે તેમ છે.

DATE: 25/05/2024 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

### શીતલ ચોકડી પાસે પોલીસની વોચ

# ભરૂચમાંથી 2 દિવસ પહેલાં બાઈક ચોરનાર યુવાન ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ મિલ્કત સંબંધી તેમજ વાહન ચોરીના ગુનાઓ શોધવા માટે પેટ્રોલિંગમાં હતી. તે વેળાં એલસીબીના પીએસઆઈ ડી. એ. તુવરને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના શીતલ સર્કલ પાસે બાઈક લઈને ઉભેલાં શખ્સ પાસેની બાઈક ચોરીની છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર પહોંચી શખ્સને ઝડપી પાડ્યો હતો. તેની પુછપરછ કરતાં તેનું નામ અજય સંજય વસાવા (રહે. વાવ ફળીયુ, બંબાખાના) હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેથી બાઈક અંગે પુછતાં તેણે કબુલાત કરી હતી કે, તેણે બે દિવસ પહેલાં કોલેજ રોડ પરથી બાઈકની ચોરી કરી હતી. જેના પગલે એલસીબીએ તેને ઝડપી પાડી તેને સી ડિવિઝન પોલીસને સોંપ્યો હતો. શહેરમાંથી બાઈક ચોરીના વધતાં બનાવોને પગલે પોલીસે વાહનચેકીંગ પણ સઘન બનાવી દીધું છે.

**DATE: 25/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

**નાડી પારખી** | અંકલેશ્વરના ડૉ. કુશલ ઓઝા બીએચએમએસની ડિગ્રી ધરાવે છે, મેડિકલ કેમ્પમાં સેવા આપી

# ડીવાયએસપીએ પોલીસનું બ્લડ પ્રેશર માપ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ શહેર જિલ્લામાં હાલમાં કાળઝાર ગરમી પડી રહી છે. ત્યારે આવા ધકધકતાં તાપમાં પણ પોલીસ જવાનો મુખ્ય માર્ગો પર ટ્રાફિક નિયમન સહિતની વિવિધ કામગીરી બજાવી રહ્યાં છે. આવામાં તેમના સ્વાસ્થ્યને પણ ભારે અસર પડતી હોય છે. જેના પગલે ભરૂચ પોલીસ દ્વારા પોલીસકર્મીઓ તેમજ તેમના પરિવારજનોનું મેડિકલ ચેકઅપ કરવાનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે શુક્રવારે અંક્લેશ્વરમાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનના 65 તેમજ ડીવાયએસપી કચેરીના 6 કર્મીઓ તેમજ તેમના પરિવારના સભ્યો મળી 125થી વધુ લોકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. અંક્લેશ્વર ડિવિઝનમાં ડિવાયએસપી તરીકે ફરજ બજાવતાં ડો. કુશલ ઓઝા જાતે હોમિયોપેથીના તબીબ છે. ત્યારે તેમણે પણ એક તબીબની જેમ ત્યાં આવેલાં



લોકોના બીપી તપાસ્યાં હતાં. તેમણે ઉમેર્યું હતું કે, આજના સમયમાં પોલીસકર્મીઓની જીવનશૈલી અનિયમિત થઈ ગઈ છે. જેના કારણે તેમના આરોગ્યને લઈને ખાસ ઝૂંબેશ શરૂ કરી છે. આગામી દિવસોમાં ભરૂચ જિલ્લાના તમામ પોલીસ મથકોને આ રીતે મેડિકલ કેમ્પમાં આવરી લેવાશે.

## મામા પોલીસમાં હતાં, તેમનાથી પ્રેરાયો હતો

ડિવાયએસપી ડો. કુશલ ઓઝાએ જણાવ્યું હતું કે, તેમને નાનપણથી જ તબીબીક્ષેત્ર તરફ આકર્ષણ હતું. જેથી તેમણે બીએચએમએસ કરી હોમિયોપેથીના તબીબ બન્યાં હતાં. તેમના મામા પણ પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં હતાં. તેઓથી પ્રેરાઈને તેમણે પણ પોલીસ ભરતીની પરીક્ષા આપી હતી.

**DATE: 25/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બાઇક પર નીકળતી ટોળકીના નિશાના પર બંધ મકાનો રહેતાં

# અંકલેશ્વરમાં 4 માસમાં 6 ચોરી કરનાર સીકલગર ગેંગનો સાગરીત ઝડપાયો

## વડોદરાના સોમાતળાવ વિસ્તારમાં ભરૂચ એલસીબીનો દરોડો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેરમાં ઘરફોડ ચોરીના વધી રહેલાં બનાવોના કારણે લોકોને જાનમાલની ચિંતા સતાવી રહી હતી તેમજ પોલીસના નાઈટ પેટ્રોલિંગ પર સવાલો ઉભા થયાં હતાં. તસ્કરોને ઝડપી પાડવા પોલીસે હાથ ધરેલી કવાયતમાં સીકલીગર ગેંગના એક સાગરિતને વડોદરાના સોમા તળાવ વિસ્તારમાંથી ઝડપી પાડયો છે. સીકલીગર ગેંગે ચાર મહિનામાં જ 6 ઘરફોડ ચોરીના ગુનાઓને અંજામ આપ્યો હતો.
અંકલેશ્વરના કાગડીવાડમાં થયેલી ચોરીની ઘટના બાદ એલસીબીની ટીમે ઘનિષ્ઠ તપાસ કરતાં તેમાં સીકલીગર ગેંગની સંડોવણી હોવાના પુરાવા મળ્યાં હતાં.
આ ચોરીમાં સંડોવાયેલો એક આરોપી વડોદરાના સોમા તળાવ વિસ્તારમાં હોવાની બાતમી મળી હતી. એલસીબી પીએસઆઇ તોરાણી તથા તેમની ટીમે છાપો કારીને લાખન ઉર્ફે લંબુસીકલીગરને ઝડપી પાડયો હતો. આરોપીને ભરૂચ ખાતે લાવી પૂછપરછ કરવામાં આવતાં તેણે તેના સાગરિતોના નામ ખોલી નાંખ્યા હતાં. આરોપી તેના હાલ વડોદરા ખાતે રહેતા તેજેન્દ્ર સિંગઉર્ફે રોહિતસિંગસરદાર, ભરૂચના કસક ખાતે રહેતા સતવંગસીગ ઉર્ફે સત્તુ ગુરુદાનસિંગ ટાંક અને અમરસીંગ ધ્યાનસિંગસીકલીગર સાથે કાગડીવાડ ખાતે થયેલ ચોરીને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.
સીકલીગર ગેંગે 4 મહિનામાં અંકલેશ્વર શહેર વિસ્તાર માંથયેલ 6 ચોરી ની કબૂલાત કરી હતી. ગેંગના અન્ય સાગરિતોને ઝડપી પાડવા તથા ચોરીમાં ગયેલો મુદ્દામાલ જપ્ત કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આરોપીઓ બાઇક લઇને ચોરી કરવા નીકળતા અને બંધ મકાનને નિશાન બનાવતાં હતાં. સીકલીગર ગેંગનો સાગરિત ઝડપાઈ જતાં પોલીસે પણ રાહત અનુભવી છે. શિયાળાના પ્રારંભથી અંકલેશ્વર શહેર, જીઆઈડીસી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ચોરીના બનાવો વધી ગયાં હતાં. રોજના સરેરાશ ચોરીના બે બનાવો પોલીસ ચોપડે નોંધાઇ રહયાં હોવાથી લોકોને જાનમાલની ચિંતા સતાવી રહી છે. અંકલેશ્વરવાસીઓ તેમના મકાનો બંધ કરી કોઈ પણ સ્થળે જતાં પણ ગભરાટ અનુભવતાં હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

### ભરૂચનો સાગરીત અન્ય તસ્કરોને બોલાવતો

ભરૂચના કસક ખાતે રહેતો સતવંગસીગ ઉર્ફે સત્તુ ગુરુદાનસિંગ ટાંક પોતે ભરૂચ અંકલેશ્વર ની ભૌગોલિક પરિસ્થિતિનો જાણકાર હોવાથી તે રાત્રીના તેના વડોદરા ખાતે રહેતા સાગરીતો ને બોલાવતો હતો. રાત્રીના 2 બાઈક પર ચારેય અંકલેશ્વર અથવા ભરૂચમાં નીકળતા હતા અને બંધ ઘરને નિશાન બનાવી ને દરવાજાનું લોક તોડી ચોરી ને અંજામ અપાતા હતા.

### એક વર્ષ અગાઉ પણ ટોળકી જેલની હવા ખાઈ ચૂકી છે પણ ગુનાખોરી ચાલુ

ભરૂચ અને વડોદરામાં રહેતાં કેટલાક સીકલીગરો પોતાની ગેંગ બનાવી ઘરફોડ ચોરીના ગુના કરી રહયાં છે. કસક વિસ્તારમાં રહેતો સતવનસિંગ અને તેના સાગરિતો ચોરીના ગુનામાં જેલની હવા ખાઈ ચુકયાં છે. આ ટોળકીની મોડસ ઓપરેન્ડીમાં ભરૂચથી માહિતી મળતાં વડોદરાથી સાગરિતો આવતાં અને તમામ ભેગા થઈને ચોરી કરવા માટે નીકળી જતાં હતાં.

**DATE: 25/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 6 મહિનાથી ચકમો આપી ફરાર હતો

# રાજપારડીમાં પ્રોહિબિશનના ગુનામાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જિલ્લામાં પોલીસની વિવિધ શાખાઓ નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડવાની કવાયત ચાલી રહી છે. ઝઘડિયાના રાજપારડી અને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતાં આરોપીને ઝડપી લેવાયો છે. પ્રોહિબિશનના ગુનામાં 6 મહિનાથી ફરાર આરોપી અને ઝઘડિયાના ચિકલોટાનો રહેવાસી અને જનક વસાવા રઝલવાડા ગામના બસ સ્ટેન્ડ પાસે હોવાની માહિતી એલસીબીને મળી હતી. એલસીબીએ દરોડો પાડી તેને ઝડપી લીધો હતો.

આરોપીને હાલ રાજપારડી પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો છે જ્યાં તેની સામે પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો છે. રાજપારડી બાદ આરોપીને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને સોંપવામાં આવશે.

**DATE: 25/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કોર્ટની સજાના વોરંટથી નાસતા ફરતાં હતાં

# પેરોલ સ્ક્વોડની ટીમે વોન્ટેડ 2 આરોપીઓને ઝડપી પાડ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમે કોર્ટની સજાના વોરંટમાં નાસતાં ફરતાં બે આરોપીઓને ઝડપી પાડી તેમને સબજેલમાં ધકેલી દીધાં હતાં.

ભરૂચની પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા જિલ્લા અન્ય જિલ્લા તેમજ અન્ય રાજ્યના સજા પામેલાં અને પોલીસથી નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડવા માટેની કવાયત હાથ ધરી હતી. દરમિયાનમાં છઠ્ઠા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કેસમાં 6 મહિનાની સાદી કેદની સજાના વોરંટમાં ધરપકડથી બચવા ભાગતા અદીલ ઈસ્માઈલ કોઠીયા (રહે.ઢાંગરવાડ) તેના ઘરે આવ્યો હોવાની બાતમી મળતાં ટીમે તેને તેના ઘરેથી દબોચી લીધો હતો. જ્યારે બીજા કેસમાં થોડા ચોથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે આપેલી સજાના વોરંટથી બચવા ભાગતો ફૈયાઝ આદમ પટેલને રહેમાની મસ્જીદની સામે તેના ઘરે આવ્યો હોવાની જાણ ટીમને થતાં ટીમે તુરંત તેના ઘરે દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો. બન્નેને જેલમાં ધકેલી દેવાયાં હતાં.

**DATE: 25/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

# અંકલેશ્વરથી સુરતની ૨ મહિલા વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાઈ

। અંકલેશ્વર ।

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે વાલિયા ચોકડી સ્થિત આશીર્વાદ હોટલ સામે આવેલ સર્વિસ રોડ પરથી ૨ મહિલાઓને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી. વાલિયા ચોકડી નજીકથી સુરતની ૨ મહિલાઓની વિદેશી દારૂના જથ્થા સાથે બીક્ર ડિવિઝન પોલીસે અટકાયત કરી હતી.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર બી - ડિવિઝન પોલીસે વાલિયા ચોકડી સ્થિત આશીર્વાદ હોટલ સામે આવેલ સર્વિસ રોડ પરથી ૨ મહિલાઓને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી.

મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર બીક્ર ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, ૨ મહિલાઓ વિદેશી દારૂનો જથ્થો લઈ વાલિયા ચોકડી પાસે આવનાર છે. જેવી બતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી, અને આશીર્વાદ હોટલ સામે આવેલ સર્વિસ રોડ પરથી બાતમીવાળી બન્ને મહિલાઓને અટકાવી તેઓ પાસે રહેલ પ્લાસ્ટિકના થેલામાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની ૭૮ નંગ બોટલ મળી આવી હતી.

પોલીસે રૂ. ૮ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી સુરત શહેરના ડિંડોલી-ઉધના રોડ વિસ્તાર સ્થિત સંતોષી માતાજીના મંદિર પાસે રહેતી મમતા કિરણ રાજનટ અને ગંગા વિનોદ રાજનટને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ભરૂચની સેવાભાવી સંસ્થાનું પોલીસ સ્ટેશનમાં ઠંડા પીણાંનું વિતરણ




ભરૂચ | સાર્થક ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ ભરૂચના પ્રમુખ હેતલ શાહ તથા સાર્થક ફાઉન્ડેશનની ટીમ દ્વારા સંપુર્ણ ભરુચ ટ્રાફિક પોલીસ તથા દરેક પોલીસ સ્ટેશને કાળાઝાળ ગરમી માં રાહત મળે તે હેતુ તથા કર્તવ્યના ભાગરૂપે ઠંડા પીણાનું વિતરણ નો કાર્યક્રમ પી.આઇ. મહેરીયા તથા પી. એસ. આઇ.એન.આર. પઠાર ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

**DATE: 26/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મનુબર રોડ પરની નહેર પર મહેફિલ જમાવી હતી

# કંથારિયા ગામે જુગાર રમતાં 4 જણાં ઝબ્બે, ₹ 13 હજાર જપ્ત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના કંથારિયા ગામની સીમમાં કેનાલ પર જુગાર રમતાં 4 જુગારી ઝડપાયાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડાં 13 હજાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે

ભરૂચ તાલુકામાં આવેલાં કંથારિયા ગામની સીમમાં મનુબર જવાના રોડ પાસેની કેનાલ નજીક કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી ભરૂચ તાલુકા પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે તમામ ચાર જુગારિયાઓને ઝડપી પાડતાં તેમના નામ અલ્ફેજ શબ્બીર ખુબન, સલીમ અબ્દુલ કરીમ શેખજી, એઝાજ હનિફ ગટી તેમજ શાકિત ઈલ્યાસ ઘડિયાળી હોવાનું તેમજ તેઓ તમામ ભરૂચના મોટા ડભોઈયાવાડ, આલીપાંજરા પોળ વિસ્તાર રહેતાં હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં મળી કુલ 13 હજારથી વધુની રોકડ તેમજ જુગારના સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ ચાર વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો

**DATE: 26/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# ચેક રિટર્ન કેસમાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી પોલીસ

। ભરૂચ ।

પોલીસ અધિક્ષક મયુર ચાવડા તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચનાના આધારે પીઆઈ એ.એ. ચૌધરીએ પોતાની ટીમને એ.ટી.એસ ચાર્ટર મુજબની કામગીરી તેમજ જિલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપતા એસઓજી પોલીસની ટીમ ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન હે.કો. ધર્મેન્દ્રભાઈને મળેલી બાતમીના આધારે ભરૂચ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના ચેક રિટર્નના ગુનામાં સજા પામેલ નાસતા ફરતો આરોપી મોહમદ ઝુબેર અબ્દુલ રશીદ મલેક રહે. મલેકવાડ, ભરૂચ તેના ઘરે હાજર છે, તેવી બાતમીના આધારે તપાસ કરી આરોપી મળી આવતા ડીટેઈન કરી આગળની વધુ કાર્યવાહી માટે ભરૂચ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવી છે.